# મકાન માટે પહેલી વખત અરજી કેવી રીતે કરવી અથવા એક મકાનમાંથી બીજા મકાનમાં બદલી કેવી રીતે કરવી

### પ્રસ્તાવના

આ પુસ્તિકામાં માહિતીવિગત આપે છે કે જો તમને સમાજનાં મકાન માટે પહેલીવાર અરજી કરવી હોય તો, શું શું કરવું. તેમજ, એ બાબત પણ જણાવે છે કે જો તમે કાઉન્સિલના મકાનમાં અથવા હાઉસીંગ એસોસિએશનના મકાનમાં રહેતાં હોય અને મકાન બદલીને બીજે રહેવા જવું હોય તો શું કરવું. અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તિકા તમને મદદરૂપ થાય અને તમને જે મકાનની જરૂર છે તે જલદીથી મેળવી શકો.

## આ પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવો

મકાન માટે અરજી કેવી રીતે કરવી એ બારામાં તમને સામાન્ય માર્ગદર્શન આપતી આ પુસ્તિક મહેરબાની કરીને વાંચશો. તમારી સ્થાનિક હાઉસીંગ ઓફિસ દ્વારા વધુ માહિતી મેળવવા માટે હાઉન્સલો હોમ્સને ટેલિફોન કરો અથવા તેની વેબસાઇટની મુલાકાત લોઃ **www.hounslowhomes.org.uk**

### લંડન બરો ઓફ હાઉન્સલો/હાઉન્સલો હોમ્સનું કર્તવ્ય

યુ.કે.માં સૌ પ્રથમ સંસ્થા, 'આર્મ્સ લેન્થ મેનેજમેન્ટ ઓર્ગનાઈઝેશન'ની હેઠળ હાઉન્સલો હોમ્સ લિમિટેડ નામની કંપનીની રચના વર્ષ 2002માં થઈ. હાઉન્સલો હોમ્સ, કાઉન્સિલના મકાનોની દેખરેખ રાખે છે અને તેના માલિક છે લંડન બરો ઓફ હાઉન્સલો (LBH).

આ પુસ્તિકામાં બધાં ફોર્મ હાઉન્સલો હોમ્સની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છેઃ www.hounslowhomes.org.uk

લંડન બરો ઓફ હાઉન્સલો, એક સમાજના માલિક તરીકે, હાઉન્સલોમાં બધાં કાઉન્સિલના મકાનોના માલિક તરીકે, તેજ સંચાલન કરે છે અને મકાનોની વહેંચણીનું બધું કામ તે કરે છે. પણ રોજ-બ-રોજની દેખરેખ અને વહીવટ કાર્ય હાઉન્સલો હોમ્સ, જે કાઉન્સિલની પોતાની કંપની છે તે કરે છે.

## તમારે શું કરવું જરૂરી છે

### અરજી ફોર્મ

જો તમારે ઘર બદલવું હોય તો, તમારે એક અરજીપત્રક ફોર્મ ભરવો જરૂરી રહેશે.

### એક મકાનમાંથી નીકળીને બીજા મકાનમાં બદલી કરવી

જો તમે કાઉન્સિલના ભાડૂત હો તો, તમારે હાઉન્સલો હોમ્સનું હાઉસીંગ ટ્રાન્સફર ફોર્મ ભરવો જરૂરી રહેશે. તમે તમારી સ્થાનિક હાઉસીંગ ઓફિસમાં આવીને ફોર્મ લઈ જઈ શકો છો અથવા તમારી એરિયાનો સામાન્ય પૂછપરછના નંબર પર ટેલિફોન કરીને મંગાવી શકો છો. તમે અમને ફોન કરશો કે તુરત કામના બે દિવસની અંદર-અંદર તમારો ફોર્મ તમને મળી જશે.

ઘરની બદલી માટેનો, ટ્રાન્સફર ફોર્મ ભરીને હાઉન્સલો હોમ્સની એરિયા હાઉસીંગ ઓફિસ જે તમારી ઘરની નજદીક હોય ત્યાં મોકલી આપવો (જુઓ પાના. નં ૮). તેમજ તમે આ વેબસાઇટઃ www.hounslowhomes.org.uk પરથી ફોર્મ ડાઉનલોડ કરીને ભરી અને તમારી સ્થાનિક હાઉન્સલો હોમ્સની હાઉસીંગ ઓફિસને નામે ભરી અને ત્યાં મોકલવો જરૂરી રહેશે.

## મકાન માટે પહેલી વખત અરજી કરવી

### પ્રાઈવેટ સેક્ટરના અરજદારો

જો તમે પ્રાઈવેટ મકાનમાલિક દ્વારા મકાન ભાડે લીધું હોય, અથવા તમે તમારા માતાપિતા અથવા બીજા સગાંસંબંધી સાથે રહેતાં હો (જો તેઓનું મકાન પણ કાઉન્સિલ પાસેથી ભાડે લીધું હોય) તો, તમારે અરજી ફોર્મ ભરવો જરૂરી છે. આ પ્રાઈવેટ સેક્ટરના ફોર્મનું કામ, કાઉન્સિલની રિહાઉસીંગ યૂનિટ હાથ ધરે છે. ફોર્મ મેળવવો હોય તો, મહેરબાની કરી રિહાઉસીંગ યૂનિટને ફોન કરોઃ 020 8583 3814

### હાઉસીંગ એસોસિએશનના ભાડૂતો

જો તમે હાઉસીંગ એસોસિએશન, કો-ઓપ અથવા ટ્રસ્ટ પાસેથી મકાન ભાડે લીધું હોય તો, તમારે અરજી પત્રક ફોર્મ ભરવું જરૂરી છે. હાઉસીંગ એસોસિએશનના ફોર્મ પણ તમને કાઉન્સિલની રિહાઉસીંગ યૂનિટ પાસેથી મળી શકશે.

જ્યારે તમે ફોર્મ પૂરેપરો ભરી લીધો હોય પછી તે જાતે રૂબરૂ આવીને આપી જાઓ અથવા પોસ્ટ કરી દો.

કાઉન્સિલના ઘર માટે નવી અરજી ફોર્મ સીધી રિહાઉસીંગ યૂનિટને આ સરનામે મોકલોઃ Rehousing Unit, London Borough of Hounslow, Civic Centre, Lampton Road, Hounslow, TW3 4DN

### તમારો ફોર્મ ભરવા બાબત

ફોર્મમાં બધાં સવાલોના પૂરાં જવાબ આપવા બહુજ મહત્ત્વના છે. અમને તમારી પાસેથી બને એટલી વધુ માહિતીની જરૂર છે જેથી અમે તમારી પરિસ્થિતિઓ પૂરી રીત તપાસ કરી શકીએ અને તમને સાચાં બેન્ડમાં મૂકી શકીએ. ફોર્મમાં માર્ગદર્શન આપતી નોંધ છાપેલી છે જે તમને મદદ કરી શકે.

જો તમને ફોર્મ ભરવામાં કંઈપણ મુશ્કેલી પડતી હોય તો, મહેરબાની કરી અમને સંપર્ક કરો અને અમે તમને ટેલિફોન પર મદદ કરવા કોશિષ કરીશું.

જો અમે ફોન પર મદદ ન કરી શકીએ તો, અમે તમારી માટે ગોઠવણ કરીશું કે તમે ઓફિસમાં આવો અને કોઈ તમને મદદરૂપ થશે. અમુક કિસ્સાઓમાં, અમે મદદ કરવા માટે તમારી ઘરે પણ મળવા આવી શકીએ છીએ. જો ઇન્ટરવ્યૂ અથવા ઘરની મુલાકાત લેવી જરૂરી હશે તો, તમે અમને સંપર્ક કર્યા પછી કામના ૧૦ દિવસની અંદર-અંદર તમને મળવાની ગોઠવણ અમે કરીશું.

### તમારા ફોર્મની પ્રક્રિયા

જ્યારે અમને તમારો ફોર્મ મળશે એટલે તેના પર તારીખની સ્ટેમ્પ લગાવીશું જેથી કઈ તારીખે અમને ફોર્મ મળ્યો તેની અમને ખબર પડે. જે દિવસે અમારી ઓફિસમાં ફોર્મ મળે તે દિવસે જ અમે આ સ્ટેમ્પ મારીશું કારણ કે આ તમારી અરજીપત્રકની નોંધણી (રજિસ્ટ્રેશન)ની તારીખ તરીકે ઉપયોગમાં લેવાશે. રિહાઉસીંગ માટે બધાં લોકો જેને સ્વીકારવામાં આવે છે તેની નોંધ રહે છે.

અમે પછી ફોર્મમાં તમે લખેલી માહિતીની તપાસ કરીશું અને જો માહિતી ચૂકી ગયાં હોય અથવા અમને તમારી પાસેથી વધુ વિગતોની જરૂર હોય તો તમને સંપર્ક કરીશું. આ માટે અમને મદદરૂપ થવા, મહેરબાની કરી સંપર્ક કરવા માટે એ ખાતરી કરશો કે તમારી અરજીમાં ટેલિફોન નંબર લખેલો હોય.

જો તમારી અરજીને અમે રજિસ્ટર (નોંધણી) ન કરી શકીએ તો, તમારો અરજી ફોર્મ અમને મળ્યાં પછી કામના 10 દિવસની અંદર-અંદર અમે તમને લખીને કારણ જણાવીશું કે રજિસ્ટર શા માટે નહિ થાય.

જ્યારે અમારી પાસે જરૂરી હોય એ બધી માહિતી અમને મળશે, પછી અમે કામનાં 5 દિવસની અંદર-અંદર, અમારા કમ્પ્યૂટર સિસ્ટમમાં આ માહિતીની નોંધ કરીશું.

એકવાર તમારી વિગતો ડેટાબેઝમાં દાખલ થઈ જાય પછી તે સિક્યૂર લિન્ક દ્વારા લોકાટા ઓફિસમાં વિગતો મોકલી આપવામાં આવશે. તમે 'લોકાટા'ના મેમ્બર થઈ જશો, જે પસંદગીની આધારિત, મકાન ભાડે દેવાની યોજના છે અને તમને માહિતી પેક મોકલવામાં આવશે. જુઓ પાનું નં. 4. **લોકાટાના મેમ્બર બનવું.**

## મેડિકલ અસેસમેન્ટ્સ (તપાસ)

જો તમને લાગતું હોય કે તમારાં ઘરની પરિસ્થિતિને કારણે ઘરના કોઈપણ સભ્ય જેનું નામ રિહાઉસીંગ માટે સામેલ કરેલ હોય, તેની મેડિકલ (તબીબી) તકલીફ ઊભી થાય છે અથવા ચાલુ તકલીફ વધુ ખરાબ થતી જતી હોય તો, મહેરબાની કરી અમને જણાવશો જેથી અમે જોઇ શકીએ કે તમને મકાન બદલવા માટે વધુ અગ્રતાની જરૂર છે.

એકવાર તમે અમને જણાવો કે તમને મેડિકલ તકલીફો છે તો, અમે તમને કામના પાંચ દિવસની અંદર-અંદર એક મેડિકલ સેલ્ફ અસેસમેન્ટ ફોર્મ (મેડિકલ સંબંધી જાતે માહિતી દેવી) મોકલશું. જયાંસુધી તમે મેડિકલ ફોર્મ ભરીને અમને પાછો મોકલો નહિ, ત્યાંસુધી અમે રાહ જોઇશું પણ તે દરમિયાન અમે તમારી અરજી અથવા ટ્રાન્સફર ફોર્મની વિધિનું કામ આગળ ચાલુ રાખીશું.

તમે મેડિકલ સેલ્ફ-અસેસમેન્ટ ફોર્મ ભરી દેશો. તમારે બની શકે એટલું વધુ માહિતી આપવી જરૂરી છે જેમ કે, કેવા પ્રકારની અને કેટલી માત્રામાં દવા લો છો અને તમારી હોસ્પિટલમાં સારવાર લેવાય છે કે નહિ. તમારા દાકતર તરફથી બીમારીને વધુ સહાય કરતાં પૂરાવાની જરૂર નથી, પણ જો તમને એ કાગળ મળી શકતું હોય તો અસેસમેન્ટ ફોર્મની સાથે બીડશો.

જો અમને તમારા દાકતર અથવા હોસ્પિટલ તરફથી વધુ માહિતીની જરૂર પડશે તો, અમે તમને જણાવીશું.

જો તમે ભાડૂત હો તો, મહેરબાની કરી ભરેલો ફોર્મ તમે તમારી સ્થાનિક હાઉન્સલો હોમ્સની હાઉસીંગ ઓફિસમાં હાથે આપી દેશો અથવા પોસ્ટ દ્વારા મોકલી આપશો, અથવા જો તમે મકાન શોધતાં હો (હોમસીકર) તો, તમે હાઉન્સલો કાઉન્સિલની રિહાઉસીંગ યૂનિટ અથવા હોમલેસ પર્સન્સ યૂનિટમાં જઈને હાથે આપી દેશો અથવા મોકલી આપશો. જ્યારે અમને તમારો મેડિકલ ફોર્મ ઓફિસમાં મળશે કે, તે જ દિવસે અમે ફોર્મમાં, એ દિવસની તારીખ સ્ટેમ્પ લગાડશું.

અમે તમારી મેડિકલ તકલીફ સંબંધી માહિતી તપાસશું અને જો જરૂરી હશે તો તમારા દાકતર અથવા ઓક્યુપેશનલ થેરપિસ્ટ પાસેથી વધુ સ્પેશ્યાલિસ્ટ સલાહ લેશું. અમને મેડિકલની માહિતી મળી જશે કે કામના ૨૦ દિવસની અંદર-અંદર અમે તમને કાગળ લખીને પરિણામ જણાવીશું.

તેમજ અમારા કમ્પ્યૂટરનાં ડેટાબેઝમાં પણ અમને મળેલી ભલામણો અંગે કામના પાંચ દિવસની અંદર-અંદર કોઈપણ દર્શાવેલી ભલામણોમાં ફેરફાર કરીશું.

## અમારા નિર્ણય સામે અપીલ કરવાનો તમારો અધિકાર

જો તમે અમારા કોઇપણ નિર્ણયો સાથે સહમત ન હો તો, તેને માટે તમે અપીલ કરી શકો છો. જો તમે મકાન શોધતાં (હોમસીકર) હો તો, મહેરબાની કરી રિહાઉસીંગ મેનેજરને અથવા હોમલેસનેસ મેનેજરને આ સરનામ કાગળ લખો: Rehousing Manager or Homelessness Manager, The Civic Centre, Lampton Road, Hounslow TW3 4DN. ભાડૂત હોય તો ઓપરેશન મેનેજરને આ સરનામે કાગળ લખો: Operations Manager, Hounslow Homes, St Catherine's House, 2 Hanworth Road, Feltham TW13 5AB.

અમે તમારી અપીલને માન્ય કરવા માટે તમારે બને એટલી વધુ માહિતી આપવી જરૂરી રહેશે. અમે માહિતી મળતાંની સાથે, કામના ૧૦ દિવસની અંદર-અંદર, તમને કાગળ દ્વારા અમે અપીલનો નિર્ણય જણાવીશું અને એ નિર્ણય લેવાયો છે એનું કારણ પણ સાથે જણાવીશું.

જો તમે નિર્ણયથી ખુશ ન હો તો, પછી તમે હાઉન્સલો હોમ્સના કસ્ટમર કમ્પ્લેન્ટસ ઓફિસરને અથવા લંડન બરો ઓફ હાઉન્સલોને કાગળ લખી શકો છો.

## મેડિકલ અસેસમેન્ટ સામે અપીલ કરવાનો તમારો અધિકાર

જો તમે મેડિકલ માટે લેવાયેલ નિર્ણય પર ખુશ ન હો તો, તમારે અપીલ ફોર્મ માટે પૂછવું જરૂરી છે અથવા તમારી સ્થાનિક હાઉસીંગ ઓફિસ અથવા સિવિક સેન્ટરમાં આવીને અપીલ ફોર્મ લઈ જઈ શકો છો. અમે તમને 48 કલાકની અંદર-અંદર અપીલ ફોર્મ મોકલી આપશું.

તમારે અપીલ ફોર્મમાં પૂરેપૂરી વિગતો ભરવી જરૂરી રહેશે, તેમજ તમારી અપીલ કરવાનું કારણ સમજાવું પડશે અને પછી અમને મોકલી આપશો. અપીલ કરવા માટે તમને તમારા દાકતરની સહાયતાની જરૂર નથી. જ્યારે અમને ફોર્મ મળી જશે એટલે અમે તેમાં તારીખની છાપ મારીશું. અમને જે દિવસે ફોર્મ મળશે તે જ દિવસની તારીખની છાપ મારશું.

પછી અમે વધુ આગળ ચર્ચાવિચારણા કરવા માટે અપીલ ફોર્મની માહિતી અને મેડિકલ ફોર્મ જે તમે અમને પહેલાં મોકલેલ, તેની માહિતીને ફરી તપાસશું. તમારી અપીલનો પરિણામ શું આવ્યું તે, કામના ૨૦ દિવસની અંદર-અંદર અમે જણાવીશું.

નિર્ણય મળતાંની સાથે જ, અપીલમાંથી આવેલી કોઈપણ ભલામણો, કામના પાંચ દિવસની અંદર-અંદર અમે તમારાં રેકોર્ડમાં છેલ્લામાં છેલ્લી માહિતીથી અપડેટ કરીશું.

## લોકોટા – પસંદગીને આધારિત ભાડે આપવામાં આવતાં મકાનની યોજના

લંડન બરો ઓફ હાઉન્સલો, બીજા ચાર આજુબાજુના બરો સાથે અને થોડાં હાઉસીંગ એસોસિએશનો સાથે જોડાયને, ‘લોકાટા’ની રચના કરી છે જે છે પસંદગીને આધારિત મકાન ભાડે દેવાની યોજના.

જ્યારે લોકાટાના સભ્ય બનવા માટે તમે અરજી કરવાનો ફોર્મ ભરી અને મોકલી આપ્યાં પછી, તમને એક પત્ર મોકલવામાં આવશે. આ પત્રમાં તમારો બેન્ડ અને મકાનની સાઈઝ જેને માટે તમે બીડ (માગણી) કરવા લાયકાત ધરાવી શકો એ વિગત આપશે અને કુપનનો જથ્થો આપશે.

લોકાટા - પસંદગીને આધારિત મકાન ભાડે દેવું (*Locata - Choice based lettings*), એનો મતલબ છે કે કાઉન્સિલ તમારા માટે મકાન શોધી આપે એની રાહ જોવા કરતાં, તમે ખાલી મકાન માટે બીડ (માગણી) કરો.

જો તમે કાઉન્સિલના ભાડૂત હો, પ્રાઈવેટલી ભાડે રહેતાં હો અથવા બેઘર હો, તો જ્યારે તમે કાઉન્સિલના મકાન માટે અથવા બીજા મકાનમાં બદલી કરવા માટે અરજી કરશો ત્યારે તમે લોકાટાના મેમ્બર બની શકશો.

લોકાટાના મેમ્બરોની રહેઠાણની જરૂરત અને બેન્ડની અંદર તારીખ પ્રમાણે, લોકાટના ચાર બેન્ડ, A થી D માંથી, એક બેન્ડમાં મેમ્બરોને મૂકવામાં આવે છે.

તમને ક્યાં રહેવું છું અને કેવા મકાનમાં તમે રહેવા ઈચ્છો છો એ બારામાં લોકાટા તમને વધુ પસંદગી આપે છે, પણ ઉપલબ્ધ થતાં મકાનોની હજીપણ બહુજ અછત છે. આનો મતલબ છે કે તમને મકાન મળવા માટે હજીપણ ઘણી જ રાહ જોવી પડશે.

અમુક કિસ્સાઓમાં, તમને કાઉન્સિલનું મકાન મળવાની સંભાવના ઓછી છે.

જો આમ બને તો, પાનું નં. ૭ પર ‘નવા મકાનમાં જવા માટે બીજી પસંદગીઓ’ એ ફકરાની હેઠળ, અમારી પાસે સૂચનો છે જેના દ્વારા નવું મકાન શોધવામાં તમને મદદ મળી શકે.

## શું તમે લોકાટા માટે લાયકાત ધરાવી શકો છો?

તમે લોકાટાના મેમ્બર બનવા માટે લાયકાત ન ધરાવી શકો, જો:

- તમે ભાડૂત હો અને મકાનનો કબજો આપી દેવા માટે તમને નોટિસ આપી હોય
- તમે ઈમિગ્રેશન કન્ટ્રોલની હેઠળ મકાન શોધતાં હો
- તમે મકાન શોધતાં હો અને આજુબાજુના ચાર ભાગીદારના બરોમાંથી એકમાં રહેતાં હોય

જો આ પરિસ્થિતિઓ તમને લાગુ પડતી હોય તો, અમે તમને કાગળ લખશું અને કારણ જણાવશું કે શા માટે તમારું નામ લોકાટાની યાદીમાં ઉમેરવામાં નહિ આવે. અમને ફોર્મ મળશે કે તુરત દસ દિવસની અંદર-અંદર તમને કાગળ લખશું.

### લોકાટાના મેમ્બર બનવું

જ્યારે તમે લોકાટાના મેમ્બર (સભ્ય) બનશો ત્યારે તમને આ વસ્તુઓ મોકલવામાં આવશે:

## લોકાટા ફ્રીશિટ (Locata Freesheet)

લોકાટા ફ્રીશિટ દર પંદર દિવસે પ્રસિધ્ધ કરવામાં આવે છે, અને સામાન્ય રીતે દર બીજા શુક્રવારે મળી શકે છે. ફ્રીશિટની પહલી નકલ તમને મોકલવામાં આવશે. પછીની ભાવિ આવૃત્તિઓ તમે ઘણી જગ્યાએથી મેળવી શકશો, જેમ કે સ્થાનિક ઓફિસોમાંથી અને લાઈબ્રેરીમાંથી. જે જગ્યાએ ફ્રીશિટ મેળવી શકાય તેની પૂરી યાદી ફ્રીશિટની પાછળ આપેલ છે. તેમજ તમે ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી શકો છોઃ **www.locata.org**

તેમજ, તમે કહી શકો છો કે તમને ફ્રીશિટ પોસ્ટ કરે. તેને માટે કદાચ તમને થોડાં પૈસા ચાર્જ કરે જેમાં પોસ્ટેજ અને એડમિનિસ્ટ્રેશન ખર્ચ આવરી લેવાય છે. આ માટે કેવી રીતે ગોઠવણ કરવી તેની વિગત યુઝર ગાઈડમાં આપેલી છે.

## બિડીંગ કરવા માટે કુપોન્સ અને પરબીડિયા

તમને પોસ્ટ દ્વારા થોડાં કુપોન્સ મોકલશે જેથી તમે મકાન માટે બિડ (માગણી) કરી શકો. તેના પર તમારો પોતાનો 'લોકાટા ઈન્ડિવિડયુઅલ નંબર' (LIN) પ્રિન્ટ કરેલ હશે એથી એ નંબર તમે બીજા કોઈને પાસ નહિ કરતાં. તમે ટેલિફોન, SMS ટેક્સ્ટ મેસેજ અને ઈન્ટરનેટ દ્વારા પણ બિડ કરી શકો છો. આ કેવી રીતે કરવું એની વિગતો યુઝર ગાઈડમાં આપેલી છે

## જ્યારે મને મારો લોકાટાનો પેક મળે ત્યારે હું શું કરું?

તમે ધ્યાનથી વાંચો અને માહિત સાચી છે કે નહિ તે તપાસ કરો. તમારા LIN નંબરની અલગ નોંધ રાખો.

જો તમને લાગે કે તમારા પેકમાં કંઈ ખોટું છે તો તુરત અમને સંપર્ક કરો. જો તમે ભાડૂત હો, તો તમારી હાઉન્સલો હોમ્સની સ્થાનિક એરિયા ઓફિસમાં સંપર્ક કરો. જો તમે મકાન શોધતાં હો તો, રિહાઉસીંગ યૂનિટને સંપર્ક કરો અથવા જો તમે બેઘર તરીકે અરજી કરી હોય તો તમારા કેસવર્કરને સંપર્ક કરો. અમે તમારી પૂછપરછ, ટેલિફોન પર ઉકેલવા કોશિષ કરીશું. જો એ રીતે ઉકેલ ન થાય તો, અમે તમને ઓફિસમાં અથવા તમારી ઘરે મળવાની ગોઠવણ કરીશું. તમે અમને સંપર્ક કર્યા પછી, કામના દસ દિવસની અંદર-અંદર તમને મળવા માટે અમે ગોઠવણ કરીશું. હવે મકાનની બિડીંગ માટે તમે તૈયાર છો.

## બિડીંગ (મકાનની માગણી)

લોકાટા ફ્રીશિટની દરેક આવૃત્તિમાં તમે ૩ મકાનો સુધી બિડ (માગણી) કરી શકો છો. દરેક ફ્રીશિટની આગળ બિડ કરવા માટે "ડેડલાઈન" (સમયની ચોક્કસ મર્યાદા) ની તારીખ છાપેલી છે. એ સમય સુધી બિડ નહિ મળે તો એ ગણતરીમાં લેવામાં આવશે નહિ, એથી જો તમે પોસ્ટ દ્વારા બિડ કરવા ઈચ્છતાં હોય તો, ખાતરી કરશો કે તમારા કુપન્સને લોકાટા ઓફિસમાં પહોંચવા માટે પૂરતો સમય આપશો.

તમારા પેકમાં પત્ર છે તે જુઓ અને યોગ્ય કદનું (સાઈઝ) મકાન માટે બિડ કરવા ખાતરી કરો. લોકાટા સ્કીમનું માર્ગદર્શન આપે છે તે બરાબર વાંચો અને ખાતરી કરો કે જાહેરખબરમાં જુદા જુદા સિમ્બલ્સ (પ્રતીક) છે તેની તમને પૂરેપૂરી સમજણ હોય. પહેલીવાર તમને કદાચ ન સમજાય અને જો તમને કંઈપણ મદદ જોઈતી હોય તો અમને સંપર્ક કરશો.

અમે તમને ઘરે અથવા ઓફિસની અંદર ઈન્ટરવ્યૂ માટે મળવાની ગોઠવણ કરશું અને તમને વિગતવાર સમજાવીશું કે કેવી રીતે બિડ કરવું. અમને સંપર્ક કર્યા પછી કામના ૧૦ દિવસની અંદર-અંદર અમે આની ગોઠવણ કરીશું. જ્યારે અમે તમને મળીશું ત્યારે, જો તમે ઈચ્છતાં હો તો તમારા મિત્ર અથવા સગાંસંબંધીને સાથે લાવી શકો છો. અમુક મર્યાદિત સંજોગોમાં, અમે તમને કદાચ લોકાટા સ્કીમની બહાર મકાન આપવાની ગોઠવણ કરી શકીએ છે. **જુઓ પાનું નં. ૭** પર વિભાગ "ખાસ ગોઠવણ".

મોટા ભાગનાં મકાનો જેની લોકાટામાં જાહેરાત કરેલી છે તે મકાનો હાઉન્સલો બરોમાં જ છે અને બિડ કરવા માટે ફક્ત હાઉન્સલો બરોમાં રહેતાં ભાડૂતો અને/અથવા ઘર શોધનારાઓ જ કરી શકે છે. તેમછતાં, ૧૦માંથી એક મકાન છે જે બધાં લોકો બિડ કરી શકે છે અને આને "ક્રોસ બરો" કહેવાય છે.

તે ફ્રીશિટના જુદા વિભાગમાં આપેલ છે.

તમે એ બાબતની ખાતરી કરજો કે જે મકાન માટે બિડ કરવા તમે લાયકાત ધરાવતાં હો તે જ મકાન માટે બિડ કરશો, નહિતર તમારી બિડને ગણતરીમાં લેવાશે નહિ.

જ્યારે બિડ માટે આપેલી તારીખ ચાલી જાય, પછી બધાં મેમ્બરો તરફથી આવેલી બિડો (માગણીઓ)ને લોકાટા ઓફિસમાં જોવામાં આવશે અને તેનાં પર કામ કરવામાં આવશે.

જે મેમ્બરોએ બિડ કરેલ હોય તેઓની યાદી, આજુબાજનાં પાર્ટનર બરોમાં મોકલવામાં આવશે. અમે આ યાદીને "શોર્ટલિસ્ટ" કહીએ છીએ.

## શું તમારી વિગતો સાચી છે?

અમારી પાસે તમારી વિગતો હોય તે સાચી છે એની ખાતરી કરવી બહુ અગત્યની છે, એથી અમે મકાનની ફોર્મલ ઓફર આપીએ એ પહેલાં તમારી અરજીને 'તપાસ' કરીશું.

આનો મતલબ છે કે અમારે કદાચ તમારી ઘરે મળવા આવવું જરૂરી રહેશે અને ખાતરી કરશું કે જ્યારે તમે અરજી કરી ત્યારની વિગતો હજીપણ સરખી જ છે. નહિતર, અમે તમને ઓફિસમાં આવવા માટે કહેશું.

શોર્ટલિસ્ટ મળ્યાં પછી કામનાં બે દિવસની અંદર-અંદર અમે તમને મળવાની ગોઠવણ કરીશું. એ બહુજ મહત્ત્વનું છે કે શક્ય એટલું જલદીથી તમને ઘરે મળવા આવવા માટે તમે હાજર હો અથવા ઓફિસમાં ઈન્ટરવ્યૂ લેવા માટે તમે તુરત આવી શકો. અમારે કદાચ દસ્તાવેજો જેવા કે જન્મ સર્ટિફિકેટ જોવી જરૂરી રહેશે, એથી જોવા માટે સાથે રાખશો.

## મકાનની ઓફર

એકવાર તમારી પરિસ્થિતિઓ તપાસવામાં આવે પછી નિયમ મુજબ તમને મકાનની ઓફર કરવામાં આવશે.

મકાન બની શકે એટલું જલદીથી ભાડે દેવાય જાય એ માટે સામાન્યપણે મકાન જોવા અમે ૩ વ્યક્તિઓને બોલાવીએ છે. તમને મકાનની ઓફરનો મોકલેલ પત્રમાં જણાવશે કે તમારો નંબર સૌથી પહેલો, બીજો અથવા ત્રીજો છે. અમે હંમેશાં સૌથી ઊંચી અગ્રતાવાળા (પ્રાઇઓરિટી) કેસને પહેલી પસંદગી આપીએ છીએ પણ કોઈવાર, બીજી અને ત્રીજી અગ્રતાઓને પણ, મકાનની ઓફર કરવામાં આવે છે, જો ઊંચી અગ્રતાવાળો કેસ મકાનની ના પાડે.

તમને મકાન જોવા માટે તારીખ અને સમય આપશે. તમારી જાતે એ મકાન જોવા જવું પડશે અને ત્યાં તમને હાઉસીંગ ઓફિસર મળશે જે તમને મકાન દેખાડશે અને સમારકામ, ભાડું વગેરે બાબત માટે તમારા કંઈપણ સવાલો હશે તો, તેનો તે જવાબ આપશે.

મકાન જોઇ લીધાં પછી, મકાન સ્વીકારવા અંગે ઓફિસર તમારો નિર્ણય પૂછશે, પણ જો તમે ચોક્કસ ન હોય તો, નિર્ણય કરવા માટે અમે તમને મકાન જોયું એ સમયથી ૨૪ કલાક આપશું.

તમારે અમને ૨૪ કલાકની અંદર-અંદર સંપર્ક કરવો જરૂરી છે, નહિતર અમે વિચારીશું કે તમને એ મકાન જોઇતું નથી અને બીજા કોઇને અમે એ મકાન ઓફર કરીશું.

જો તમને મકાન ન જોઇતું હોય તો ના પાડી દેશો, પણ મહેરબાની કરી ધ્યાનથી વિચાર કરજો .... તમને ફરીવાર સફળતાપૂર્વક બિડ કરવા માટે બહુ જ લાંબો સમય લાગશે.

## ફીડબેક (જવાબ)

મકાનો ઉપલબ્ધ હોય એનાં કરતાં લોકોટાનાં અમારા ઘણાં બધાં મેમ્બરો હોવાથી, અમે દરેક વ્યક્તિને જલદીથી મકાન ન આપી શકીએ. હકીકતમાં, ઘણાં લોકોને મકાન મેળવવા માટે બહુજ લાંબા સમયની રાહ જોવી પડશે.

તમે લોકોટા ફ્રીશિટની પાછળ, બેન્ડ અને બિડમાં સફળ થયેલાં લોકોનો રાહ જોવાનો સમય જોઇ શકશો.

યાદ રાખો, મકાનો અને પ્રાઈવેટ ગાર્ડનવાળા મકાન, હંમેશાં સૌથી વધુ સંખ્યામાં બિડ કરનારાઓનો લલચાવે છે.

અમે તમને બીજી સંભવિત પસંદગી વિષે જણાવી શકીએ છે, જે કદાચ નવું મકાન શોધવામાં મદદ કરી શકે.

મહેરબાની કરી હવે પછીના બીજાં પાનાં પર બીજી પસંદગીઓ વિષે શરૂ થતો વિભાગ જુઓ.

## ખાસ ગોઠવણો

જો તમે ભાડૂત તરીકે અસામાન્ય મુશ્કેલીઓ જેવી કે ઘરેલૂ હિંસા અથવા પજવણી અનુભવતાં હો તો, ત્યાંથી તમને જલદીથી નીકળી જવામાં મદદરૂપ થવા, અમારે ખાસ વ્યવસ્થા કરવી પડશે.

તમે જલદીથી અમને વાતચીત કરો એ બહુજ અગત્યનું છે, જેથી અમે ઉપલબ્ધ પસંદગીઓ વિષે ચર્ચા કરી શકીએ. અમને ટેલિફોન કરો અથવા ઓફિસમાં મળવા આવો. અમે ખાતરી કરીશું કે તમારી સાથે વાતચીત કરવા માટે તમને તુરત જોવામાં આવે. વાતચીત કરવા માટે જો તમે ઈચ્છતાં હો કે સ્ટાફના સભ્ય મહિલા કે પુરૂષ હોય તો, કૃપા કરી અમને જણાવો.

અમે તમને 'મેનેજમેન્ટ ટ્રાન્સફર' માટે વિચારવામાં આવે એ માટે ઉલ્લેખ કરી શકીએ. આમાં એમરજન્સીની પરિસ્થિતિઓમાં જલદીથી મકાન ઓફર કરે છે. હાઉસીંગ ઓફિસર તમને પ્રક્રિયા સમજાવશે અને જો અનુરૂપ હશે તો તમારો કેસ સિનિયર સ્ટાફના પેનલ સમક્ષ રજૂ કરશે.

અમને જરૂરી હોય એ બધી માહિતી જો તમે અમને આપી શકતાં હોય તો, આ કામ અમે કામનાં ૧૫ દિવસની અંદર-અંદર કરી શકીશું.

જો તમારી ખાસ જરૂરતો હોય જેવી કે મેડિકલની ગંભીર સમસ્યા અને ઘરમાં બહુજ ભીડ હાલતમાં રહેતાં હોય તો, અમે તમને સોશ્યલ વેલફેર પેનલને ત્યાં નિર્દેષ (રિફર) કરી શકીશું.

# નવાં મકાનમાં રહેવા જવા માટે બીજી પસંદગીઓ

## હોમસ્વોપ (મકાનની અદલાબદલી)

જો તમે કાઉન્સિલના ભાડૂત હો અથવા બીજા બરોમાં બીજા મકાનમાલિક સાથે અથવા હાઉસીંગ એસોસિએશન સાથે કાયમની ભાડૂતી (ટેનન્સી) હોય જેવી કે એશ્યોર્ડ ટેનન્સી (સુરક્ષિત ભાડૂતી - assured tenancy), તો તમે બીજા સાથે મકાનની અદલાબદલી (''હોમસ્વોપ'') કરી શકો છો. તેમજ આને 'અરસપરસમાં મકાનની બદલી' (Mutual Exchange) પણ કહેવાય છે.

આનો મતલબ છે કે તમે બીજી વ્યક્તિ સાથે મકાનની અદલાબદલી કરવા માટે મંજૂર છો. કોઈવાર બેથી વધુ વ્યક્તિ પણ સામેલ થાય છે.

હોમસ્વોપ માટે રજિસ્ટર થવા, તમારે એક અરજી ફોર્મ ભરવો જરૂરી રહેશે. આ ફોર્મ હાઉન્સલો હોમ્સની બધી એરિયાની ઓફિસમાંથી મળી શકશે.

## લોન સ્કીમ (Lawn Scheme)

આ સ્કીમ દ્વારા તમને લંડનથી બહાર રહેવા જવાની તક આપે છે. સ્થાનિક કાઉન્સિલો અને હાઉસીંગ એસોસિએશનો જેઓ પાસે મકાનો છે તે આ સ્કીમમાં ભાગ લે છે. અમુક પાસે ગાર્ડનવાળા મકાનો છે જે લંડન કરતાં જલદીથી તમને મળી શકે છે. તેમછતાં, બધાં મકાનો બહુજ દૂર આવેલાં છે, દાખલા તરીકે, મિડલેન્ડસ, સ્કોટલેન્ડ અને વેલ્સ. એથી એ બહુજ અગત્યનું છે કે તમે ચોક્કસ હો કે તમારે ઘર બદલવું જ છે, અને જો ઘર બદલો અને તમને ત્યાં ન ગમતું હોય તો, પછી લંડન પાછું રહેવા જવું અત્યંત મુશ્કેલ થશે.

જો તમને મકાન બદલવું હોય તો, મહેરબાની કરી તમારી એરિયા હાઉસીંગ ઓફિસમાં ટેલિફોન કરો અને તમને આ સ્કીમ બારામાં જાણકારી મોકલશે.

તેમજ તમે લોનની વેબસાઈટ પર જઈ શકો છોઃ **www.lawn.org.uk**

## ટ્રેડિંગ પ્લેસીસ (Trading Places)

આ સ્કીમમાં ભાડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓના મકાનમાં વધારાના રૂમો હોય જેનો ઉપયોગ ન કરતાં હોય તો તેઓ નાનાં મકાનમાં બદલી 'મોટાં મકાનમાંથી નાનાં મકાનમાં બદલી કરવી - ટ્રેડ ડાઉન' કરી શકે, અને સાથે અમને તેઓનું ખાલી મકાન મળતાં, તેઓને પૈસાની મોટી રકમ ચૂકવવી. આ સ્કીમ વિષે વધુ માહિતી અને અરજી ફોર્મ મેળવવા માટે કૃપયા અમારી સ્થાનિક એરિયા હાઉસીંગ ઓફિસમાં સંપર્ક કરો.

## શેલ્ટર્ડ હાઉસીંગ

બરોની બધી જગ્યામાં એવી ઘણી બધી યોજનાઓ (સ્કીમ) ચાલે છે જેના દ્વારા ૬૦ વર્ષના કે એથી વધુ ઉંમરના લોકોને સ્વતંત્ર મકાનમાં રહેવાની તકો આપે છે અને સાથે શેલ્ટર્ડ સ્કીમ મેનેજર તરફથી હાથવગી સુરક્ષા મળે. શેલ્ટર્ડ રહેઠાણો વિષે વધુ વિગતવાર ચર્ચા કરવા માટે તમારી હાઉસીંગ ઓફિસને સંપર્ક કરો.

## ઉપયોગી સંપર્કો
## હાઉન્સલો હોમ્સ

**સેન્ટ્રલ એરિયા – હાઉન્સલો અને આઇઝલવર્થ/હેસ્ટન અને ક્રેન્ફર્ડ**
**Central Area - Hounslow & Isleworth/Heston & Cranford**
020 8583 4382
020 8583 3959 (minicom)
The Civic Centre, Lampton Road, Hounslow, TW3 4DN
Email: info.housingcentral@hounslowhomes.org.uk

**ઈસ્ટ એરિયા – ચિઝિક/બ્રેન્ટફર્ડ**
**East Area - Chiswick/Brentford**
020 8583 4220
020 8583 4390 (minicom)
Chiswick Town Hall, Heathfield Terrace, Chiswick W4 4JE
or 58-59 Brentford High Street, Brentford TW8 0AH
Email: info.housingeast@hounslowhomes.org.uk

**વેસ્ટ એરિયા – હેન્વર્થ, બેડફોન્ટ અને ફેલ્થમ**
**West Area - Hanworth, Bedfont & Feltham**
020 8583 4383
020 8583 4387 (minicom)
St Catherine’s House, 2 Hanworth Road, Feltham TW13 5AB
Email: info.housingwest@hounslowhomes.org.uk

**લંડન બરો ઓફ હાઉન્સલો**

**હોમલેસ પર્સન્સ યૂનિટ**
Homeless Persons Unit, The London Borough of Hounslow
Civic Centre, Lampton Road, Hounslow, TW3 4DN

**રિહાઉસીંગ યૂનિટ**
Rehousing Unit, The London Borough of Hounslow
Civic Centre, Lampton Road, Hounslow, TW3 4DN

જો તમે હોમસીકર (મકાન શોધતાં) હો તો ફોન કરોઃ 020 8583 4525